

# ભજિયાંનો ભાવ

## સાચા જીતે અને જૂઠા ડૂબે

ગામમાં બધાને મિયાં ફુસકી પર હેત છે. સૌને મિયાં ફુસકી ગમી ગયા છે. દલાશેઠ જ એવા છે કે મિયાંનું નામ સાંભળતાં જ બળી ઊઠે છે. તેમને કંઈનું કંઈ થઈ જાય છે. મિયાં ફુસકી તેમની એવી રેવડી કરતા કે કદી ભુલાય નહીં.

મિયાં ફુસકી સામા મળે કે દલાશેઠ તરીને ચાલે, મોઢું અવળું કરી જાય; પણ મિયાં તો પેલી બાજુ આવે. શેઠની સામે આવીને જાણે હમણાં અથડાઈ પડશે એમ લાગે. દલાશેઠનું રૂંવેરૂંવું બળી ઊઠે. પાછા મિયાં ચૂપ ના રહે.

મિયાં બોલે; બોલે તો ખરા પાછા હસીને. હસીને તો બોલે પણ પાછા ટીખળ કરીને! ટીખળ પણ કરે એવું કે દલાશેઠનો જીવ બળી જાય.

મિયાં કહે : “મજામાં છો ને દલાશેઠ ?”

દલાશેઠ તો સડપ કરતાં તરી જાય અને માંડે ભાગવા.

મિયાં કહે : “કેમ ચાલે છે ધંધાપાણી ?”

ત્યાં તો દલાશેઠ એવા તેજ ચાલે કે જાણે અરબી ઘોડો ભાગ્યો જાય.

એક દિવસ એમ ભાગતા દલાશેઠને વાગી ગઈ ઠેસ અને પગમાં લોહી નીકળ્યું. સિસકારા ભરતા દલાશેઠ ઘરે ગયા.

શેઠાણી કહે : “કાં ?”



શેઠ કહે : "પેલા મિયાં ફુસકીની હોળી."

શેઠાણી કહે : "નામ ના લેશો એ મિયાંવડાનું. તમે તેની સાથે લડવા શું કામ જાવ છો?"

શેઠાણી એમ સમજ્યાં કે મિયાં અને શેઠને થયો હશે ઝઘડો. એમાં મિયાંએ મારી હશે તલવાર-બલવાર. નહીં તો આવું લોહી કેમ નીકળે?

શેઠ કહે : "તે પાજી સામો મળ્યો અને વાગી ઠેસ."


શેઠાણી કહે : "વાગે જ ને! તેને તો સામેય ના મળીએ."

આમ વાતો કરે છે. ત્યાં સિપાઈ બોલાવવા આવ્યો. ગામમાં ફોજદાર આવ્યા હતા. મુખીને ત્યાં ઊતર્યા હતા. દલાશેઠને બોલાવ્યા હતા.

દલાશેઠ ગયા. ફોજદારને મળ્યા. વાતો થઈ. હમણાં બે-પાંચ દિવસ ફોજદારનો મુકામ અહીં રહેવાનો હતો.

મુખી બોલ્યા : "કાલે જમણ છે આપણે ત્યાં. તમારે શેઠ અહીં જ જમવાનું છે. બધા સાથે જમીશું તો મજા આવશે!"

"એ... એમાં અમારોય ભાગ છે.




અમનેય નોતરું આપજો. હા, અમે સિપાઈબચ્ચા!" આમ બોલતાં મિયાં ફુસકી આવી પહોંચ્યા. મિયાં જાણતા નથી કે ફોજદાર આવ્યા છે. મુખીને ત્યાં વાતો થતી જોઈને મિયાં આવી ગયા અંદર. ત્યાં દીઠા ફોજદારને!

ફોજદાર બોલ્યા : "આવો મિયાં ફુસકી!"

મિયાં બોલ્યા : "સલામ સાહેબ, આપ પધાર્યા તે સારું થયું. દલાશેઠ જમણ કરાવશે અને આપણે મોજથી જમીશું."

મુખી બોલ્યા : "ભાઈ, જમણ તો આપણા તરફથી કાલે છે. તમનેય નોતરું છે!"

જમણમાં લાડુ બનાવવાની વાત થઈ.



મિયાં બોલ્યા : "અને ભજિયાં નહીં?"

મુખી બોલ્યા : "ભજિયાં બનશે."

મિયાં ફુસકી બોલ્યા : "એવાં ભજિયાં બનશે કે આપણા દલાશેઠ જેવા ચાવ્યા વિના ગળે ઉતારી જાય. શેઠને તો પારકાં ભજિયાં બહુ ભાવશે."

દલાશેઠ આ સાંભળીને ચિડાયા. પણ ડાહ્યા માણસો ચિડાય ત્યારે કોઈને જાણવા ન દે. ચૂપ થઈ જાય અને ઉપરથી હસે. આપણે ચિડાઈએ તો જ સામો માણસ ચીડવે અને રાજી થાય. કોઈ આપણને ચીડવે તો આપણે ચૂપ જ થઈ જવું જોઈએ. એમ દલાશેઠ કંઈ બોલ્યા નહીં. પણ દલાશેઠને એક ઉપાય સૂઝી આવ્યો. મિયાંની રેવડી કરવાની વાત મળી ગઈ. દલાશેઠ ઘણા રાજી થયા. બધી વાત બરાબર ગોઠવી કાઢી.

દલાશેઠે મુખીને વાત કહી : "જુઓ મુખી, આપણે મિયાંની ફજેતી કરવી છે. હમણાં હમણાં જાણે કે પોતે મહાન ચતુર છે એવી બડાઈ હાંક્યા કરે છે. તેમને જરા સીધા કરીએ તો ઠીક."

આમ કહીને દલાશેઠે બધી વાત સમજાવી. મુખીને વાત ગમી ગઈ. જરા મિયાંની ગમ્મત થશે. બે ઘડી હસવાનું મળશે.

ફોજદાર કહે : “શું છે મુખી? શું ખાનગી વાત કરો છો?”

મુખીએ ફોજદારને વાત કહી. ફોજદારને પણ આનંદ થયો કે ઠીક છે, મજા આવશે.

બીજા દિવસે દલાશેઠ ખાસ એક રસોઇયાને બોલાવી લાવ્યા. મજાનું રૂ લઈ આવ્યા. રૂના સરખા ભાગ પાડીને મજાના ગોળા બનાવ્યા. પછી રસોઇયાને સમજાવ્યું કે આ રૂના ગોળાને ચણાના લોટમાં રગદોળીને ભજિયાં બનાવો.

રસોઇયો પણ ભારે જબરો હતો. રૂના ગોળાનાં એવાં ભજિયાં બનાવ્યાં કે વાહ ભઈ, મજાના જાણે ડાકોરના ગોટા!

રસોઈ તૈયાર થઈ ગઈ. પાટલા નખાયા.

બધા જમવા બેઠા. તભા ભટ વિના તો મિયાં ફુસકીને ચાલે જ નહીં. ભટજીને પણ નોતરું આપી દીધેલું. બધા પાટલા પર ગોઠવાઈ ગયા. થાળીઓ મુકાઈ ગઈ. મિયાં ફુસકી અને તભા ભટ સામસામે બેઠા.

મિયાં બોલ્યા : “ભટજી, લાડુ ખાશો કે ભજિયાં?”


ભટજી કહે : “અમે તો બામણ. ગોળ અને ઘીના લાડુ ખાશું.”

મિયાં બોલ્યા : “બામણ કહ્યા એટલે થઈ રહ્યું. લાડુ વિના બીજું ભાવે જ નહીં.”

દલાશેઠ બોલ્યા : “મિયાં, તમે બામણના ભાઈબંધ છો એટલે તમેય લાડવા જ ઉડાવવાના.”

દલાશેઠ સમજે છે કે આમ બોલીશું એટલે મિયાં લાડુ નહીં ખાય. અને એમ જ થયું.

મિયાં બોલ્યા : “અમે સિપાઈબચ્ચા.



હા, લાડુ ખાય બામણ. આપણે તો ભજિયાં ઉડાવીશું." હવે દલાશેઠનો દાવ જામ્યો. ભજિયાં ઉડાવવાની વાત મિયાં બોલ્યા છે એટલે ચગવાના. મિયાં પાછા છે ટેકીલા. એક વાત પકડે તે છોડે નહીં.

દલાશેઠ બોલ્યા : "તો પછી ભઈ થવા દો, પણ એક શરત. લાડુ ખાય તેને લાડુ અને ભજિયાં ખાય તેને ભજિયાં જ પીરસો. જોઈએ કે કોણ લાડુ વધારે ખાય છે અને કોણ ભજિયાં વધારે ઉડાવે છે."

મિયાં બોલ્યા : "તમે શું ઉડાવવાના શેઠ?"



દલાશેઠ બોલ્યા : "તમે ભજિયાં ઉડાવો એટલે અમે કંઈ પાછળ રહીએ એવા નથી. અમેય ભજિયાં ઉડાવીશું અને તમે ખાઓ એથી બમણાં ખાશું એ વાત પણ નક્કી."

મિયાં હસ્યા અને મોં મચકોડીને બોલ્યા : "તમારી વાણિયાની જાત વળી ખાઈ શું જાણે? બે ભજિયાં વધારે ખાશો કે પેટ ફૂલીને ઢમઢોલ થાશે ને જવું પડશે વૈદ્યને ત્યાં કે આપો તડાફડીની પડીકી. માટે અમારો વાદ કરશો નહીં. અમે સિપાઈબચ્ચા!"

શેઠ બોલ્યા : "ભલે ને ગમે એ થાય, પણ આજે તમને હરાવી દેવા છે એ વાત પાકી."

મિયાં કહે : "તો થવા દો. જોઈ લેજો બંદાના ધડાકા. આ સિપાઈબચ્ચા હારે એમ નથી. હા, અમે સિપાઈબચ્ચા!"

મિયાંને દલાશેઠે બરાબર ચડાવ્યા. તભા ભટને વહેમ પડ્યો કે જરૂર કંઈ હોવું જોઈએ. નહીં તો દલાશેઠ આ વાદ કરે નહીં. વાણિયો અમથો ધૂળમાં આળોટે નહીં. માટે મિયાં ફુસકીને રોકવા જોઈએ.

ભટજીએ મિયાં ફુસકીને કહ્યું : "તમે શરતબરત કરશો નહીં. શરત સાથે તમારે લેણાદેણી નથી."

મિયાં ફુસકી બોલ્યા : "ભોજનમાં વળી લેણાદેણી શાની? લેણાં-દેણીનેય આજે તો અમે ચાવી ખાશું."

ભટજીની વાત મિયાં ફુસકી માને શાના? ભજિયાં ને લાડુ પીરસાવા માંડ્યાં. દલાશેઠની થાળીમાં એકલાં ભજિયાં જ મુકાયાં. તભા ભટને એકલા લાડુ.

મિયાં ફુસકીને પીરસવા માંડ્યા એટલે દલાશેઠ બોલ્યા : "પૂછીને પીરસજો."

મિયાં બાંય ચડાવતા બોલ્યા : "મૂકો એકલાં ભજિયાં. આજ તો ભજિયાંવાળી થઈ જાય. પછી માંડો ઉડાવવા શેઠ!"

ભટજી કહે : "જવા દો ને મિયાં! ખાવામાં ચડસાચડસી ન કરીએ. ભૂખ કરતાં થોડું ઓછું જ ખાવું."

મિયાં કહે : "બેસો બેસો હવે. શેઠ વળી અમને જીતી જશે? તમતમારે જોયા કરો."

દલાશેઠે એક ગોળ મજાનું ભજિયું લીધું અને આખેઆખું મોંમાં મૂકી દીધું. મિયાંએ પણ ભજિયું ઉઠાવ્યું અને ડબ દઈને મોંમાં મૂકી દીધું. જ્યાં ચાવવા જાય કે રૂનો ગાભો દાંતમાં ભરાયો. મિયાં દબાવી દબાવીને ચાવવા માંડ્યા. ત્યાં તો રૂનો લોચો વળીને ગઠ્ઠો થઈ ગયો. મિયાં વિચારે છે કે આવું ભજિયું કેમ? ત્યાં તો દલાશેઠે ટપ દઈને બીજું ભજિયું મોંમાં મૂકીને કહ્યું : "કાં સિપાઈબચ્ચા! એક ભજિયું ખાતાં આટલી વાર?"

એટલે મિયાંએ જેમતેમ કરીને ભજિયાનો લોચો ગળે ઉતારી દીધો. એ ઊતરી તો ગયો, પણ આંખમાં આંસુ આવી ગયાં.



ગળે અટકતો અટકતો માંડ માંડ ઊતર્યો. હવે કંઈ દલાશેઠથી પાછળ રહેવાય કે? તો તો સિપાઈબચ્ચા શાના? મિયાંએ ઝટ દઈને બીજું ભજિયું મોંમાં મૂકી દીધું.

ત્યાં દલાશેઠે ત્રીજું ભજિયું લીધું અને મોંમાં મૂક્યું. હવે મિયાં વાર લગાડે તો પાછળ પડી જાય, પણ જ્યાં ભજિયું ચાવવા જાય કે રૂનો લોચો દાંતમાં ભરાયો.

જેમતેમ કરીને જીભ વડે રૂ દાંતમાંથી કાઢ્યું. ઝટ ઝટ ગળી જવા કરી કરીને ગળી તો ગયા, પણ આંખો લાલચોળ થઈ ગઈ.

મિયાંનું મોં, તેમનો તાલ અને ગભરાટ જોઈને ફોજદાર હસ્યા. મુખી પણ હસ્યા.

દલાશેઠ બોલ્યા : "મિયાંએ આવાં ભજિયાં આ પહેલવહેલાં જ ખાધાં લાગે છે. એટલે ખાતાં નહીં આવડતાં હોય. નહીં તો પોચાં રૂ જેવાં ભજિયાં ખાતાં વાર શાની?"

ફુસકી વિચારે છે કે માળું હોય ન હોય, પણ આ નવી જાતનાં ભજિયાં છે. આપણને ખાતાં ના પણ આવડતાં હોય તો તો આબરૂ જાય.

મિયાં બોલ્યા : "આવાં તો હજારો ભજિયાં ખાઈ નાખ્યાં. હા, અમે સિપાઈબચ્ચા!"

દલાશેઠ કહે : "તો ખાઓ ખાઓ! વાર શાની લાગે છે?"



મિયાંએ ભજિયું લીધું અને મોંમાં મૂક્યું. ચાવવા ગયા કે એની એ પંચાત. ગળે ઊતર્યું કે મોં લાલ બની ગયું એટલું બળ લગાવવું પડ્યું.

મિયાંએ ઉપાય શોધી કાઢ્યો.

ભજિયાં ચાવવા જ નહીં. ચાવ્યાં ન ચાવ્યાં અને ગળે ઉતારી જવાં. આમ વિચારીને માંડ્યા ભજિયાં ઉડાવવા. મોંમાં નાખે. જેમતેમ છૂંદો કરી નાખે અને ગળે ઉતારી જાય. એમાં પાંચ-દસ ભજિયાં તો ગળી ગયા. પણ એક ભજિયું મોટું આવી ગયું. એનું રૂ દાંતમાં ભરાઈ ગયું.

મિયાં આમથી તેમ જીભ ફેરવે છે, પણ રૂ નીકળે નહીં. મિયાંનું મોં જોવા જેવું થઈ ગયું. દલાશેઠ ખડખડાટ હસી પડ્યા. મિયાંને ગુસ્સો ચડ્યો. જોયું તો ફોજદાર અને મુખી પણ હસે છે.

એવામાં ઝટપટ ઝટપટ ભજિયું ગળે ઉતારવા ગયા અને તાંતણો દાંતમાં વળગી રહ્યો. કેમે કરીને ગળે ઊતર્યો નહીં. એટલે આવી ગઈ ઉધરસ. ખોં ખોં ખોં કરતા મિયાં ખાંસ્યા. નાકમાંથી પાણીનાં ટીપાં ટપક્યાં. આંખોમાંથી આંસુ સરી પડ્યાં અને બધા હસે છે. તભા ભટને વહેમ પડ્યો. ઊભા થયા અને મિયાંના ભાણામાંથી ભજિયું લીધું.

મિયાં કહે : “તમતમારે બેસો.”

દલાશેઠ બોલ્યા : “ભજિયાં છે પોચાં રૂ જેવાં. કેટલાક બેવકૂફો તો એવા હોય છે કે રૂનાં ભજિયાં કરી આપો તો તેય ચાવી જાય.”

આમ બોલીને હી હી હી હસ્યા. ભટજીએ મિયાં સામે જોયું.

મિયાં ફુસકી તાનમાં છે એટલે ભટજીનો ઇશારો સમજ્યા નહીં.

ભટજીએ ભજિયું તોડ્યું. એમાંથી નીકળ્યું રૂ.

ભટજી એકદમ બોલ્યા : “મિયાં, હવે ના ખાશો ભજિયાં, નહીં તો પેટ ફાટશે.”

મિયાં કહે : “કાં ? ન કેમ ખાઈએ ? અમે સિપાઈબચ્ચા, હા.”

ભટજી કહે : “પણ ભજિયાં રૂનાં છે.”



મિયાં કહે : "રૂ તો શું પણ રૂના બાપનાંય ભજિયાં અમે ખાઈ જઈએ, હા."

દલાશેઠ બોલી ઊઠ્યા : "તમે સિપાઈબચ્ચા એમ ને. ઘણા બેવકૂફો રૂનાં ભજિયાં ખાય છે."

મિયાંને હવે સમજણ પડી. અરે! દલાશેઠ બનાવી ગયા. મશ્કરી કરી ગયા. આ વાત સમજતાંની સાથે જ મિયાં ઊભા થઈ ગયા. તલવાર લીધી અને ધૂંવાંપૂંવાં થતા ચાલ્યા ગયા.

દલાશેઠ બોલ્યા : "કાં કાં મિયાં ફુસકી! ભાગ્યા કાં? પેટ ફૂલી ગયું! તડાફડીની પડીકી લેવા ઊપડ્યા? ભજિયાં ના ભાવે તો કહો."

મિયાં પાછું વાળીને જોવાય શાના ઊભા રહે? તે તો સડેડાટ ચાલ્યા ગયા. ફોજદાર, મુખી અને બધા હસી પડ્યા. દલાશેઠના તો આનંદનો પાર ના રહ્યો.

ભોજન થઈ ગયું. પાનસોપારી ખાઈને દલાશેઠ ઘરે ગયા. જઈને હિંડોળે બેઠા. ખી ખી ખી કરતાં હસી પડ્યા.

શેઠાણી કહે : "ગાંડા થયા છો? એકલા એકલા હસો છો કેમ?"

શેઠ બોલ્યા : "ગાંડો તો થયો પેલો ફુસકી. તેની બધી ચતુરાઈ છૂમંતર થઈ ગઈ. ભજિયાંનો ભાવ ખબર પડી ગયો. બહુ ડહાપણની પૂંછડી થતા હતા. બધું ડહાપણ હવા થઈ ગયું. ભારે મજા આવી. હવે આપણું નામ ના લે. ફુસકીની રેવડી કરી નાખી."



શેઠાણી ખૂબ રાજી થયાં.

હવે મિયાં ફુસકી ચિંતામાં પડ્યા. દલાશેઠ પોતાને બનાવી ગયા. હવે એનો બદલો ના લે તો દલાશેઠ ચીડવ્યા કરશે. પણ એવો કંઈ દાવ આવે તો કામ બને. મિયાં દાવ વિચારે છે.

ભટજી કહે : "મૂકો ને પંચાત!"

મિયાં કહે : "અરે, એ દલા બોડિયાને પેલો લાલચંદ લંગડો ના બનાવી દઈએ તો અમે સિપાઈબચ્ચા નહીં!"

દલો બોડિયો તેનું નામ. મોઢે તો બધા દલાશેઠ દલાશેઠ કહે, પણ પાછળથી બધા બૂરું બોલે. અરે, શેઠાણી પણ કંઈનું કંઈ બોલી નાખે. પણ આ વખતે તો શેઠાણી પણ દલાશેઠની બુદ્ધિ પર પ્રસન્ન થઈ ગયાં.


શેઠાણી કહે : "તમે ખરી કરી. મિયાં ફુસકીને રૂનાં ભજિયાં ખવડાવ્યાં. મૂઓ, કેમ કરીને ખાઈ ગયો?"

શેઠ હસીને કહે : "તમે જોજો તો ખરાં! હજી તો મસીદ બાંધી છે અને હવે ઓટલોય થશે. એ મિયાંને દાવમાં ભીંસી મારું તો હું ખરો!"

શેઠાણી કહે : "એટલે?"

દલાશેઠ કહે : "એટલે એમ કે હવે બીજો દાવ ગોઠવું છું. એમાં મિયો ફસ્યો તો પછી બોલવાનું નામ નહીં લે. કોઈ દહાડો ચૂંકારોય નહીં કરે."

શેઠાણી કહે : "તો તો બસ. એ મૂઆએ આપણી ઓછી ફજેતી કરી છે? પેલો તભા ભટ પણ તેનો થઈ ગયો."



શેઠ કહે : “તમે ધીરજ રાખો. એ ભટની પણ રેવડી થશે.”

શેઠાણી કહે : “જરા જોઈ-વિચારીને કંઈ કરજો. એ ફુસકિયો કાચો નથી.”

શેઠ કહે : “તમે જરાય ચિંતા ના કરતાં. અમે ત્રાજવે તોળીને જ બધા ઘાટ ઘડીશું. અમેય કંઈ કાચાં દૂધ નથી પીધાં.”


દલાશેઠે અંગરખું પહેર્યું. ગળે ખેસ નાખ્યો. ચંપલ પહેરીને ચાલ્યા. ગયા મુખીના ઘરે. ફોજદાર અને મુખી ગપ્પાં હાંકતા હતા. કાનો વાળંદ અને જહમત કુંભાર પણ હતા. એ બન્ને હોય એટલે ટીખળ જામે.

ફોજદાર હતા ગમ્મતી. હસવું, બોલવું તેમને ગમતું. એમાં દલાશેઠ પહોંચી ગયા. અધૂરામાં પૂરું તભા ભટ કંઈ કામે નીકળેલા. જહમત કુંભાર જોઈ ગયો અને ભટજીને બોલાવ્યા. ભટજી બેઠા. વાતો ચાલી.

ફોજદાર કહે : “તમારા મિયાં ફુસકી બિચારા ભોળા છે.”

દલાશેઠ બોલ્યા : “સાહેબ, તેને ભોળાબોળા ના માનશો. તે તો જડીબુટ્ટી છે!”

આમ વાતો થાય છે ત્યાં મિયાં ફુસકી આવી પહોંચ્યા. તભા ભટને ધ્રાસકો પડ્યો. મિયાં રૂનાં ભજિયાં ખાઈને ચિડાયા છે. હવે જો દલાશેઠ કંઈ બોલશે તો નક્કી ઝઘડો થશે. પણ મિયાંનો રંગ કંઈ જુદો જ દેખાયો. આવતાંની સાથે જ ફોજદારને સલામી ભરી. હસતાં હસતાં બેઠા અને દલાશેઠને પણ સલામી ભરી. તભા ભટ સમજી ગયા કે મિયાં કોઈ દાવ ગોઠવીને આવ્યા લાગે છે. નહીં તો દલાશેઠને સલામ ભરે નહીં.



ફોજદાર કહે : “મિયાં ફુસકીએ ભજિયાં ખૂબ ખાધાં છે. એમાં આટલા બધા રાજી થતા લાગે છે!”

મિયાં બોલ્યા : "ખાવાં જ પડે ને! અને રાજી પણ થવું પડે."

ત્યાં દલાશેઠ બોલી ઊઠ્યા : "પારકું ખાઈને તો સૌ રાજી થાય, પણ બીજાને જમાડીને રાજી થાવ તો સિપાઈબચ્ચા પાકા. ફોજદારસાહેબને તો જમાડવા જ જોઈએ."

મિયાં એકદમ ચિડાયા અને બોલ્યા : "તમે દલાશેઠ ચૂપ જ રહેજો! જમાડવા-બમાડવાની વાત નહીં. અમે શાના જમાડીએ?"

દલાશેઠ ખીખીખીખીખી કરતા હસ્યા. મિયાંને જે ચડી રીસ કે ઊઠતાંકને ચાલતા થયા. મિયાંનો તાલ જોઈને ફોજદાર પણ હસ્યા. દલાશેઠ તો મનોમન રાજીના રેડ થઈ ગયા.



દલાશેઠને તો મજા પડી ગઈ. મિયાંની પોતે રેવડી કરી એમ માનતા હતા. ઘડીક ફોજદાર સાથે તડાકા માર્યા. મિયાં બેવકૂફ છે એવી વાતો કરીને ઘરે પાછા ગયા. ઘરે જઈને હસતાં હસતાં ખેસ અને ડગલો ખીંટીએ ભેરવ્યા. હસતાં હસતાં હિંડોળે બેઠા. આનંદમાં ઝૂલવા લાગ્યા.

શેઠાણી કહે : "શું વાઘ મારી આવ્યા છો તે મલક્યા કરો છો?"


શેઠ કહે : "વાઘ મારવા સહેલા, મિયાં ફુસકી કોઈના હાથમાં આવે નહીં. આજ તો બંદાએ બમણા ફેરમાં લઈ લીધો. એવો નાઠો કે ફોજદાર તો હસી હસીને થાકી ગયા."

શેઠાણી કહે : "હવે તમે એ ફુસકિયાનું નામ ના લેશો. એ મૂઓ કંઈ બીજું તેખડ કરશે તો પાછા હસતાના રોતા થઈ જશો."

શેઠ કહે : “હવે શા એના ભાર? હવે તો રામે લંકા લૂંટી. એ તો અજાણતાં ઠગી ગયો. નહીં તો વળી સિપાઈડું આપણને બનાવી જાય કે?” આમ દલાશેઠ આનંદના દરિયામાં તરવા માંડ્યા. પેલી બાજુ મિયાં ચિંતામાં બેસી ગયા.

ભટજી કહે : “તમેય શું મિયાં તાયફો કરતા હશો? બધા બેઠા હોય અને ચટ દેતાંકને ભાગવા માંડો એ કંઈ ઠીક ના કહેવાય. નકામા હાંસી કરાવો છો! દલાશેઠ તો ઊંચા થઈ થઈને હસતા હતા.”

મિયાં બોલ્યા : “તમે ભટજી, જરાય ચિંતા કરશો નહીં. બંદાએ બધું ઠીક કરી લીધું છે. તમે જોયા કરો. એ દલા બોડિયાને મૂંડી ના નાખું તો કહેજો. હા, અમે સિપાઈબચ્ચા!”



ભટજી કહે : “જોજો હોં મિયાં! દલાશેઠ કાચો નથી. મરતો જાય અને બીજાને મારતો જાય એમાંનો છે. તેને ભગવાનનોય ડર નથી. ભગવાનનેય દાવમાં મૂકી દે એવો છે.”

મિયાં કહે : “તમે જઈને ડાયરામાં બેસો. દલાશેઠની તો હવે ખબર લેવી જ છે, પણ જરા દાવ જામવા દો.”

ભટજી કહે : “તમે ના આવશો. નકામી પંચાત કરશો.”

મિયાં કહે : “બેધડક રહો. દલાશેઠની ડાબલી બંધ ના કરી દઉં તો કહેજો.”

મુખીને ત્યાં ડાયરો જામ્યો. દલાશેઠ તો સૌ પહેલાં જઈને બેઠા. ભટજી પણ પહોંચી ગયા. વાતોનાં ગપ્પાં માંડ્યા ઊડવા. ત્યાં મિયાં આવી પહોંચ્યા.

ફોજદાર કહે : “લો, આ આવ્યા મિયાં ફુસકી.”

દલાશેઠ બોલી ઊઠ્યા : “એ તો નોતરું આપવા આવ્યા હશે.”

મિયાં ચિડાઈને બોલ્યા : "તો શું અમે ના જમાડી શકીએ?"

દલાશેઠ કહે : "તો પછી જમાડો ને ભઈ!"

મિયાં કહે : "જમાડીએય ખરા. હા, અમે સિપાઈબચ્ચા!"

ભટજી ચિડાઈ ઊઠ્યા. મિયાંને કહે : "તમે નકામા બોલ બોલ ના કરો. કહી દો ને કે નથી જમાડવા!"

દલાશેઠ કહે : "ના કેમ જમાડે? મોંએ બોલ્યા છે કે બક્યા છે? સાચા સિપાઈબચ્ચા હોય તો જમાડે બધાને!"

મિયાં બોલ્યા : "દલાશેઠ! તમે ના બોલો, અમે જમાડીશું."

દલાશેઠ કહે : "ભઈ, તો પછી આજે જ થઈ જવા દો. હજી રસોઈ થવાને વાર છે. ભલે તમારા તરફથી થઈ જાય."

મિયાં કહે : "આજે જ જમાડું, પણ મારે બધી પંચાત કોણ કરે? લોટ કોણ લેવા જાય? કાશીડોશીને ત્યાં દળાવીને તૈયાર જ રાખ્યો છે."

દલાશેઠ ગેલમાં આવી ગયા. ઝટ દઈને ઊભા થયા અને બોલ્યા : "લાવો ને, લોટ હું જાતે લઈ આવું. લો, તમે જમાડતા હો તો અમે એટલું કામ તો કરીએ જ ને!"

ખરેખર દલાશેઠ ઊપડ્યા. દલાશેઠ સમજ્યા કે મિયાં દાવમાં આવી ગયા છે, હવે છૂટવા દેવા નથી. ઝટ ઝટ ગયા કાશી ડોશીના ઘરે. જઈને કહે : "કાશીકાકી, મિયાં ફુસકી કંઈ કહી ગયા છે?"

કાશીડોશી કહે : "હા ભઈ, તમારી જ વાત કહી ગયા છે. અડધો મણ લોટ તૈયાર રાખવાનું કહી ગયા છે."

દલાશેઠ કહે : "લાવો ત્યારે."



કાશીડોશી કહે : "દલાભાઈ, એના પૈસા!"

દલાશેઠ કહે : "પૈસા તો મળશે જ ને!"

દલાશેઠે લોટનું તપેલું ઉઠાવ્યું. લઈને આવ્યા મુખીને ત્યાં.

મુખી કહે : "ખરેખર તમે તો લોટ લઈ આવ્યા!"

દલાશેઠ કહે : "મિયાં જમાડતા હોય તો લાકડાં પણ લઈ આવું."

મિયાં બોલ્યા : "અડધો મણ ઘી જેઠાભા ચારણને ત્યાંથી લાવવાનું છે, પણ જાય કોણ?"

દલાશેઠ કહે : "લાવો ને, તેય હું જ લઈ આવું."

દલાશેઠને આજે ભારે આનંદ છે કે મિયાં આજે બરાબર ફસ્યા છે. સો-બસો રૂપિયાનું ખરચ થઈ જશે. ઝટ ઝટ જેઠાભાને ત્યાં ગયા. જઈને કહે : "મિયાં ફુસકી કંઈ કહી ગયા છે કે?"



જેઠાભા કહે : "અરે ભઈ હા, અડધો મણ ઘીનું કહી ગયા છે. મેં તો તોળીને તૈયાર જ રાખ્યું છે."

દલાશેઠ કહે : "લાવો ત્યારે."

ઘીનો ડબ્બો ઉઠાવીને દલાશેઠ આવી પહોંચ્યા.

ફોજદાર બોલ્યા : "ખરેખર દલાશેઠ, તમે મિયાંને મદદ કરવા ઊતરી પડ્યા છો."

મિયાં કહે : "મદદ શું રાખ ને ધૂળ! ગોળ તો પડ્યો છે મોહન ઠક્કરને ત્યાં, પણ કોણ લેવા જાય? જમણ-ફમણ કાંઈ નથી કરવાં."

દલાશેઠ કહે : "વાહ મિયાં! એમ છટકશો એ નહીં ચાલે. અમે ક્યાં નથી? લાવી નાખું ગોળ!"

ફોજદાર કહે : "કોઈ બીજાને મોકલીએ."